# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 17-03-2026** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************

**1)** બીજું ભારતીય જહાજ "નંદાદેવી" 46 હજાર મૅટ્રિક ટન LPG ગેસના જથ્થા સાથે ગુજરાતના વાડીનાર બંદરે પહોંચ્યું.

**2)** કેન્દ્રીય કૃષિમંત્રીએ કહ્યું, 21 દિવસમાં દાવાઓનો નિકાલ કરવામાં નિષ્ફળ જનારી વીમા કંપનીઓએ 12 ટકા વ્યાજ સાથે ચૂકવણી કરવી પડશે.

**3)** વિદેશ મંત્રી ડૉક્ટર એસ. જયશંકરે બ્રસેલ્સમાં યુરોપિયન સંઘના વિદેશ મંત્રીઓ સાથે ઈરાન અને યુક્રેન સંઘર્ષ અંગે ચર્ચા કરી.

**4)** ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને ભારતીય દૂતાવાસને જાણ કર્યા વગર સરહદ ઓળંગવાનો પ્રયાસ ન કરવાની સ્પષ્ટ સલાહ.

**5) ભારતે પાકિસ્તાન દ્વારા અહમદી સમુદાયના લોકો પર કરાતા દમનની ટીકા કરી..**

........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# GUJARAT NANDA DEVI

બીજું ભારતીય જહાજ “નંદાદેવી” અંદાજે 46 હજાર મેટ્રિક ટન LPG ગેસનો જથ્થો લઈને ગુજરાતના વાડીનાર બંદરે આવ્યું છે. કતારથી રવાના થયેલું આ જહાજ હોર્મુઝ સામુદ્રધુનીથી પસાર થઈને ભારત પહોંચ્યું છે.

અમારાં સંવાદદાતા જણાવે છે કે, બંદર પર LPG ઉતારવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. ગઈકાલે વધુ એક LPG લઈને આવેલું જહાજ શિવાલિક મુંદરા બંદરે પહોંચ્યું હતું. આ બંને જથ્થાથી દેશના ગેસ ભંડારમાં ઘણો વધારો થવાની શક્યતા છે. અધિકારીઓએ પણ ગેસ પૂરવઠામાં હાલ કોઈ અછત નહીં થાય તેવી આશા વ્યક્ત કરી છે.

આ ઉપરાંત સંયુક્ત આરબ અમિરાતથી ભારતીય ધ્વજવાળું જહાજ “જગ લાડકી” 81 હજાર ટન કાચું તેલ લઈને આજે મુંદરા બંદરે પહોંચશે. આ અંગે જહાજ અને જળમાર્ગ મંત્રાલયના વિશેષ સચિવ રાજેશકુમાર સિન્હાએ માહિતી આપી.

**(BYTE: RAJESHKUMAR SINHA)**

. . . . . . . . . . . . . . . .

પૂલ- PRAVESH ADIACHA –તૃષ્ણા

# LS - FARMERS

સરકારે ખેડૂતોને દાવાઓની પારદર્શકતા, જવાબદારી અને સમયસર ચૂકવણી સુનિશ્ચિત કરવા પ્રધાનમંત્રી ફસલ વીમા યોજનામાં ફેરફાર કર્યો છે. આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા  કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે કહ્યું કે, જો વીમા કંપનીઓ 21 દિવસમાં દાવાઓનો નિકાલ કરવામાં નિષ્ફળ જાય તો તેમણે કૃષિ સંબંધિત દાવાઓ 12 ટકા વ્યાજ સાથે ચૂકવણી કરવી પડશે. આ સાથે રાજ્ય સરકારો પણ દાવાઓની પ્રક્રિયામાં વિલંબ કરે  તો તેમણે ખેડૂતોને 12 ટકા વ્યાજ ચૂકવવું પડશે.

શ્રી ચૌહાણે કહ્યું, ખેડૂતો દાવાઓના  નિકાલ સંબંધિત ફરિયાદો કૃષિરક્ષક પોર્ટલ પર પણ નોંધાવી શકે છે. વધુમાં તેમણે કહ્યું, અત્યાર સુધીમાં પોર્ટલ પર નોંધાયેલી બે લાખ 71 હજાર ફરિયાદની સરકાર તપાસ કરી રહી છે.

# PREZ AKSHAYA PATRA (EARLY)

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ શિક્ષણને વ્યક્તિના જીવનમાં તકનું સર્જન કરવા માટેનું મહત્વનું સાધન ગણાવ્યું. તેમણે કહ્યું, શિક્ષણ સફળતાનો માર્ગ મોકળો કરે છે. નવી દિલ્હીમાં અક્ષય પાત્ર ફાઉન્ડેશન દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતાં તેમણે કહ્યું કે, સશક્તિકરણ અને ક્ષમતા નિર્માણની પ્રક્રિયા શાળા શિક્ષણના તબક્કાથી જ આકાર લેવાનું શરૂ કરે છે.

બાઇટ: PRESIDENT

# REV JAISHANKAR MEETINGS

વિદેશ મંત્રી ડૉક્ટર એસ જયશંકરે પોતાનો બ્રસેલ્સનો પ્રવાસ પૂર્ણ કર્યો છે. તેમણે યુરોપિયન પરિષદના અધ્યક્ષ ઍન્ટોનિયો કોસ્ટા અને યુરોપિયન સંઘનાં વડાં ઉર્સુલા વૉન ડૅર લૅન તથા યુરોપિયન સંઘનાં તેમના સમકક્ષો સાથે મુલાકાત કરી. તેમજ પરસ્પર હિતમાં દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી.

શ્રી જયશંકરે કહ્યું, આ મુલાકાત દરમિયાન ભારત-યુરોપિયન સંઘ મુક્ત વેપાર કરાર પર મુખ્યત્વે ચર્ચા કરવામાં આવી. વિદેશ મંત્રીએ આ સંમતિથી અનંત આર્થિક ક્ષમતાનો માર્ગ મોકળો બનવા અંગે વિશ્વાસ વ્યક્ત કર્યો.

(VOICECAST: PRACHI BAJPAYEE)

# SHAH TRIBUTE

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગોવાના પૂર્વ મુખ્યમંત્રી અને કેન્દ્રીય મંત્રી મનોહર પર્રિકરની પુણ્યતિથિ નિમિત્તે તેમને શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી શાહે કહ્યું, પર્રિકરજીનું જીવન અને રાષ્ટ્ર પ્રત્યે તેમનું યોગદાન હંમેશા યાદ કરાશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

# IRAN EMBASSY ADVISORY

ભારતીય દૂતાવાસે ઈરાનમાં રહેતા ભારતીય નાગરિકોને તહેરાનના ભારતીય દૂતાવાસને જાણ કર્યા વગર આગળના પ્રવાસ માટે ઈરાનની કોઈ પણ સરહદ ઓળંગવાનો પ્રયાસ ન કરવાની સ્પષ્ટ સલાહ આપી છે.

દૂતાવાસે જણાવ્યું, તેમના માર્ગદર્શન અને માહિતી વગર સરહદ પરથી ઈરાન છોડવાનો પ્રયાસ કરનારા ભારતીય નાગરિકોને ગંભીર અને દેશાગમન સંબંધિત જોખમનો સામનો કરવો પડી શકે છે.

દૂતાવાસે જણાવ્યું, જમીની સરહદ તરફ બિનઆયોજિત હિલચાલ પર સખત પ્રતિબંધ રહેશે. દૂતાવાસે સંકલન વગર ઈરાનના ક્ષેત્રથી બહાર જનારા લોકોને તેઓ મદદ નહીં કરી શકે તેવી સ્પષ્ટતા પણ કરી છે.

ઉપરાંત દૂતાવાસે ઈરાનમાં હાજર ભારતીય નાગરિકોને દૂતાવાસની સલાહનું કડક પાલન કરવા અને કોઈ પણ પ્રવાસ પહેલા સત્તાવાર માધ્યમોના સંપર્કમાં રહેવા અપીલ કરી છે.

# INDIA UN PAK

ભારતે પાકિસ્તાન દ્વારા અહમદી સમુદાયના લોકો પર કરાતા દમનની અને રમઝાન દરમિયાન અફઘાનિસ્તાન પર હવાઈ હુમલાની ટીકા કરી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ઈસ્લામોફોબિયા વિરોધી આંતર-રાષ્ટ્રીય દિવસ પર સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ પી. હરિશે કહ્યું, પાકિસ્તાન ઈસ્લામિક સહયોગ સંગઠનને ભારત વિરુદ્ધ હથિયાર તરીકે ઉપયોગ કરવાનો સુનિયોજિત પ્રયાસ કરી રહ્યું છે.

શ્રી હરિશે કહ્યું, પાકિસ્તાન દ્વારા ધાર્મિક ઓળખને હથિયાર બનાવવા અને રાજકીય ઉદ્દેશોને પૂરા કરવા સંગઠનના દુરુપયોગથી સંભવિત જોખમ પર સંયુક્ત રાષ્ટ્રએ ધ્યાન આપવું જોઈએ. શ્રી હરિશે કહ્યું, ભારતમાં 20 કરોડથી વધુ ઈસ્લામ સમુદાયના લોકો રહે છે, જે વિશ્વમાં આ સમુદાયની સૌથી મોટી વસતિમાંથી એક છે.

.

# MAMTA ECI

પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ ચૂંટણી પંચ દ્વારા કરાયેલા વહીવટી ફેરફાર સામે અસંતોષ વ્યક્ત કર્યો. તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને લખેલા પત્રમાં જણાવ્યું, વિધાનસભાની ચૂંટણીની જાહેરાતના થોડા કલાકોમાં જ ચૂંટણી પંચે મુખ્યસચિવ, ગૃહ સચિવ અને પોલીસ મહાનિદેશકની બદલી કરી છે.

# UTTRAKHAND CHARDHAM YATRA

ઉત્તરાખંડ સરકારે આ વર્ષે ચારધામ યાત્રા માટે વિશેષ આરોગ્ય વ્યવસ્થા કરી છે. ઈ-સ્વાસ્થ્ય ધામ પૉર્ટલના માધ્યમથી તીર્થયાત્રીઓના સ્વાસ્થ્યની દેખરેખ યોગ્ય સમયે કરાશે.

(VOICECAST: SAKSHI SINGH)

# IMD–WEATHER

હવામાન વિભાગે આવતીકાલે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં છૂટછવાયા સ્થળોએ ભારે પવન સાથે વાવાઝોડાની આગાહી કરી છે. દરમિયાન આગામી બે દિવસ ઝારખંડ, આંધ્રપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, બિહાર, છત્તીસગઢ, હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર, ઓડિશા, તેલંગાણા, પશ્ચિમ બંગાળ અને સિક્કિમમાં પણ આવી જ સ્થિતિ રહી શકે છે. જ્યારે અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલયમાં આવતીકાલે ભારે વરસાદની આગાહી છે.